# જો તમને લાગે કે તમને કેન્સર થયું છે, તો આ માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ વિશેની માહિતી




આ પુસ્તિકા દર્દીઓ અને તેમના પરિવારના સભ્યો માટે છે, જેને કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ આપી શકાય છે.




સંપૂર્ણ જીનોમ અનુક્રમ ત્યારે છે જ્યારે તમારા શરીરના નિર્માણ અને જાળવણી માટે જરૂરી બધી માહિતી નિષ્ણાત ડૉક્ટર દ્વારા એકત્રિત કરવામાં આવે છે.

સંપૂર્ણ જીનોમ અનુક્રમ અમુક પ્રકારના કેન્સર માટે NHS પર ઉપલબ્ધ છે જ્યાં તે દર્દીની વધુ સારી સંભાળ આપે છે.



પરિક્ષણ તમારા નિદાન અને સારવાર વિશેની વધારાની માહિતી પ્રદાન કરી શકે છે.

તમારા આરોગ્યસંભાળ વ્યવસાયી તમારી સાથે વાત કરશે અને તમે પરીક્ષણ લેવાનું નક્કી કરો તે પહેલાં તમે પ્રશ્નો પૂછી શકશો.

## તમારું જીનોમ શું છે?




તમારું જીનોમ એ માનવ શરીરના નિર્માણ અને તેને સ્વસ્થ રાખવા માટે જરૂરી માહિતી છે.

તે **DNA** નામના કોડમાં લખાયેલું છે. તમારું જીનોમ DNA ના ટુકડાઓથી બનેલું છે, જેને જનીનો કહેવામાં આવે છે.

સંપૂર્ણ જીનોમ અનુક્રમ ગો-લાઈવ માટે NHS જીનોમિક મેડિસિન સેવા, કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ, જુલાઈ 2020, v2.0 નો ઉપયોગ કરવો જોઈએ આ દસ્તાવેજ સંસ્કરણ નિયંત્રણને આધિન છે અને નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. કૃપા કરીને તમારા સ્થાનિક જીનોમિક લેબોરેટરી હબનો સંપર્ક કરીને તમે વર્તમાન સંસ્કરણનો ઉપયોગ કરી રહ્યાં છો તેની પુષ્ટિ કરો.




મોટાભાગના કેન્સર વ્યક્તિના જીનોમમાં અસામાન્ય ફેરફારોને કારણે થાય છે. આવું તેમની જીવનશૈલી અથવા તેમના પર્યાવરણને કારણે થાય છે.

કેટલીકવાર વ્યક્તિના જનીનો દ્વારા કેટલાક ફેરફારો પસાર થઈ શકે છે.

આનો અર્થ એ થઈ શકે છે કે વ્યક્તિને કેન્સર થવાનું મોટું જોખમ છે.

## એક સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ તમને શું કહી શકે છે?




ભલે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ તમારા આખા જીનોમને જુએ છે, તેમ છતાં પરિક્ષણ કેન્સરને લગતા જનીનોમાં ફેરફાર પર કેન્દ્રિત છે; તે જનીનોમાં ફેરફારની શોધમાં નથી જે અન્ય શરતોનું કારણ બને છે.

સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ કેન્સરને સમજવામાં મદદ કરી શકે છે કે:

- તમે કેન્સર કેમ વિકસાવ્યું
- તમને થયેલ કેન્સરનો પ્રકાર
- કઈ સારવાર તમારા કેન્સર માટે શ્રેષ્ઠ કામ કરી શકે છે
- શું તમને અન્ય કેન્સર થવાનું જોખમ છે
- શું તમારા પરિવારના સભ્યોને કેન્સર થવાનું વધુ જોખમ હોઈ શકે છે.






જો તમે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ લેવાનું નક્કી કરો છો, તો તમારા આરોગ્યસંભાળ વ્યવસાયી તમારી સાથે કરશે.

સંપૂર્ણ જીનોમ અનુક્રમ ગો-લાઈવ માટે NHS જીનોમિક મેડિસિન સેવા, કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ, જુલાઈ 2020, v2.0 નો ઉપયોગ કરવો જોઈએ આ દસ્તાવેજ સંસ્કરણ નિયંત્રણને આધિન છે અને નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. કૃપા કરીને તમારા સ્થાનિક જીનોમિક લેબોરેટરી હબનો સંપર્ક કરીને તમે વર્તમાન સંસ્કરણનો ઉપયોગ કરી રહ્યાં છો તેની પુષ્ટિ કરો.

## સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણમાં શું થાય છે?




1. ગાંઠના નમૂના એકત્રિત કરવામાં આવે છે (લોહી અથવા અસ્થિ મજ્જાના નમૂના જો સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ બ્લડ કેન્સર માટે છે)

2. લોહી, લાળ અથવા ત્વચાના નમૂના એકત્રિત કરવામાં આવે છે (જો આખું જીનોમ અનુક્રમ પરિક્ષણ બ્લડ કેન્સર માટે છે, તો ત્વચા અથવા લાળના નમૂના લેવામાં આવશે)

3. વિશ્લેષણ માટે આનુવંશિક પરીક્ષણ પ્રયોગશાળાને નમૂનાઓ મોકલવામાં આવ્યા

4. પરિણામો તમારા આરોગ્યસંભાળ વ્યવસાયી ને પરત કરવામાં આવ્યાં (જુઓ 'તમારા પરિણામો મેળવો').



કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણમાં ગાંઠ વિશેની માહિતી મેળવવા અને તમારા લોહી, લાળ અથવા ત્વચાના નમૂનાનો સમાવેશ થાય છે.

આ નિદાનને ટેકો આપવા અથવા શ્રેષ્ઠ સારવાર નક્કી કરવા માટે માહિતી મેળવે છે.




જો તમને બ્લડ કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ કરાવવામાં આવે છે, તો તમારું લોહી અથવા અસ્થિ મજ્જાના નમૂના ગાંઠના નમૂના હશે.



પરિક્ષણ તમારી સારવારના ભાગ રૂપે દૂર કરવામાં આવેલા ગાંઠના નમૂના પર કરવામાં આવશે.

તમારા લોહી, લાળ અથવા ત્વચાના નમૂનાને એકત્રિત કરવા માટે તમારે અન્ય મુલાકાત લેવાની જરૂર પડી શકે છે.


પરિણામો

ત્યારબાદ નમૂનાઓને તપાસવા માટે પ્રયોગશાળામાં મોકલાવાય છે.

જો તમે સંપૂર્ણ જીનોમ અનુક્રમ પરિક્ષણ ન લેવાનું નક્કી કરો છો, તો પણ તમને શ્રેષ્ઠ સંભવિત આરોગ્ય સંભાળ મળશે.

સંપૂર્ણ જીનોમ અનુક્રમ ગો-લાઈવ માટે NHS જીનોમિક મેડિસિન સેવા, કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ, જુલાઈ 2020, v2.0 નો ઉપયોગ કરવો જોઈએ આ દસ્તાવેજ સંસ્કરણ નિયંત્રણને આધિન છે અને નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. કૃપા કરીને તમારા સ્થાનિક જીનોમિક લેબોરેટરી હબનો સંપર્ક કરીને તમે વર્તમાન સંસ્કરણનો ઉપયોગ કરી રહ્યાં છો તેની પુષ્ટિ કરો.

## તમારા પરિણામો મેળવવા




એકવાર નમૂના લેવામાં આવ્યા પછી તે જોવામાં આવશે અને પરિણામ તમારા આરોગ્ય સંભાળ વ્યવસાયીને મોકલવામાં આવશે.

પરિણામ તમારા કેન્સર અને સારવારના વિકલ્પો વિશેની માહિતી પ્રદાન કરી શકે છે.

ગાંઠના નમૂનાના પરિણામની તુલના લોહી, લાળ અથવા ત્વચાના નમૂના સાથે કરવામાં આવે છે.



પરીક્ષણ પરિણામ બતાવી શકે છે કે શું તમને અન્ય કેન્સર થવાનું જોખમ વધારે છે અને શું આ જોખમો તમારા પરિવારના સભ્યોને અસર કરી શકે છે.

આ સ્થિતિમાં તમે કોઈ નિષ્ણાતને મળી શકો છો જે તમારા પરિણામો વિશે તમારી સાથે વાત કરશે અને કેન્સરના તમારા જોખમને કેવી રીતે સંચાલિત કરી શકાય તેની ચર્ચા કરી શકે છે.



આ પરિણામ વિશે તમારા પરિવારના સભ્યો સાથે કેવી રીતે વાતચીત કરવી તે વિશે તમને વિચારવામાં મદદ કરશે.

## તમારા જનીનો વિશેનો ડેટા




બધા ડેટાને સુરક્ષિત અને ગુપ્ત રીતે રાખવામાં આવે છે. તમારા ડેટાનો ઉપયોગ UKના કાયદા અને NHS નીતિને અનુરૂપ થાય છે.
વધુ માહિતી
www.england.nhs.uk/contact-us/privacy-notice/પર મળી શકે છે



તમારો પરિક્ષણ ડેટા અને પરિણામો NHS જીનોમિક મેડિસિન સેવા - NHS નો તે ભાગ જે સંપૂર્ણ જીનોમ અનુક્રમની દેખરેખ રાખે છે તે સુરક્ષિત ડેટાબેઝમાં સંગ્રહિત છે.



માત્ર માન્ય કર્મચારીઓ જ તમારો ડેટા જોઈ શકે છે.

## વીમા હેતુ માટે ડેટાનો ઉપયોગ




વીમા કંપનીઓ સાથે તમારી સંમતિ વિના ડેટા શેર કરવામાં આવશે નહીં.

વીમા કંપનીઓ તમને તમારી અને તમારા પરિવાર વિશેની તબીબી માહિતી પ્રદાન કરવા માટે કહી શકે છે.



## સંશોધન હેતુ માટે ડેટાનો ઉપયોગ

લાખો અન્ય NHS દર્દીઓ દ્વારા દાન કરવામાં આવેલા આરોગ્ય ડેટાથી નવી દવાઓ અને સારવારને વિકસાવવામાં મદદ મળી છે.



બધા દર્દીઓ પાસે પોતાનો ડેટા લાઈબ્રેરીને આપવાનો વિકલ્પ હોય છે જેથી માન્ય સંશોધકો તે ડેટાનો ઉપયોગ કરી શકે.

જો તમે આ કરવાનું પસંદ કરો છો, તો તમારો ડેટા સંશોધકોને નવી સારવાર વિકસાવવામાં મદદ કરશે.




તમારા ડેટા સંશોધનમાં કેવી રીતે મદદ કરી શકે છે તે વિશે વધુ જાણવા માટે, કૃપા કરીને જીનોમિક્સ ઇંગ્લેંડ વેબસાઈટ જુઓ http://www.genomicsengland.co.uk.



## વધુ માહિતી

આ સંગઠનોમાંથી સંપૂર્ણ જીનોમ અનુક્રમ વિશે વધુ જાણો:
http://www.nhs.uk/conditions/genetic-and-genomic-testing

સંપૂર્ણ જીનોમ અનુક્રમ ગો-લાઈવ માટે NHS જીનોમિક મેડિસિન સેવા, કેન્સર માટે સંપૂર્ણ જીનોમ અનુક્રમ, જુલાઈ 2020, v2.0 નો ઉપયોગ કરવો જોઈએ આ દસ્તાવેજ સંસ્કરણ નિયંત્રણને આધિન છે અને નિયમિતપણે અપડેટ કરવામાં આવે છે. કૃપા કરીને તમારા સ્થાનિક જીનોમિક લેબોરેટરી હબનો સંપર્ક કરીને તમે વર્તમાન સંસ્કરણનો ઉપયોગ કરી રહ્યાં છો તેની પુષ્ટિ કરો.